**અગ્રતા ક્રમાંક: ૦૪**

**પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૭૬૪ માન. ધારાસભ્યશ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર પાવી)**

**પુરક પ્રશ્નો**

૧. સંકલિત ડેરી વિકાસ યોજનાનું અમલીકરણ ક્યા વર્ષથી શરૂ કરવામાં આવ્યુ ?અને યોજનાનો હેતુ શું છે? તથા લાભાર્થીઓને શુ લાભ થાય છે?અને તેના શા સકારાત્મક પરિણામ જોવા મળેલ છે? (શ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર પાવી))

૨. સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ નાણાકિય જોગવાઈ કેવી રીતે કરવામાં આવે છે? તથા આ યોજના હેઠળ આજ દીન સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે અને આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે? (શ્રી રાજેન્દ્ર રાઠવા (છોટા ઉદેપુર) )

૩. સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા શું છે? તથા લાભાર્થી પસંદગી પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે ક્યા પગલા લેવામાં આવેલ છે? (શ્રી શૈલેષ મહેતા (ડભોઇ))

૪. સંકલિત ડેરી વિકાસ યોજનાની અમલવારી તથા યોજનાનું મોનિટરીંગ અને સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે? અને સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આપવામાં આવતા દુધાળા પશુઓની ચકાસણી કરવામાં આવે છે કે કેમ? જો હા તો કોના દ્વારા ચકાસણી કરવામાં આવે છે. (શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) )

૫. સંકલિત ડેરી વિકાસ યોજના અંર્તગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભ આપેલ લાભાર્થીની સંખ્યા કેટલી છે ? (શ્રી અભેસિંહ તડવી (સંખેડા) )

| અન્ય પુરક પ્રશ્નો/વિગતો | |
|---|---|
| 1. | સંકલિત ડેરી યોજના અંતર્ગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ક્યાં પ્રકાર/બ્રીડના દુધાળા પશુઓનું વિતરણ કરવામાં આવેલ છે. તાલુકાવાર લાભાર્થીની સંખ્યા કેટલી છે ? |
| 2. | સંકલિત ડેરી વિકાસ યોજના અંર્તગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષનો લક્ષ્યાંક તથા લાભાર્થીની વિગતો શી છે? |
| 3. | સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સરકારશ્રી અને ભારત સરકારશ્રી તરફથી કેટલી ગ્રાન્ટ મળેલ છે? અને કેટલો ખર્ચ થયેલ છે? |
| ૪. | સંકલિત ડેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં યોજનાની યુનિટ કોસ્ટ શુ છે? |
| ૫. | સંકલિત ડેરી વિકાસ યોજના અંર્તગત છોટાઉદેપુર જીલ્લામાં ક્યાં દૂધ ઉત્પાદક સંઘ દ્વારા દુધાળા પશુઓનું વિતરણ કરવામાં આવેલ છે. |
| ૬. | સંકલિત ડેરી વિકાસ યોજનામાં હાલ યુનિટ દીઠ કેટલી પશુ સહાય આપવમાં આવે છે? તેમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવેલ તથા હવે પછી યુનિટ કોસ્ટમાં વધારો કરવાની વિચારણા છે કે કેમ? જો હા તો કેટલો વધારો કરવાનું આયોજન છે? |
| ૭. | વર્ષ ૨૦૦૧માં આદિજાતિ વિસ્તારમાં કાર્યરત દૂધ ઉત્પાદક સંઘવાર કેટલા પશુપાલક સભાસદ હતા અને હાલની સ્થિતિએ(વર્ષ-૨૦૨૩)માં કેટલા પશુપાલક સભાસદ છે? |
| ૮. | આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની અન્ય કઈ-કઈ યોજનામાં દુધાળા પશુ આપવામાં આવે છે? |
| ૯. | સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમની ટુંકી વિગત |

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી જયંતીભાઈ રાઠવા (જેતપુર પાવી)**

**પ્રશ્ન :૧ સંકલિત ડેરી વિકાસ યોજનાનું અમલીકરણ ક્યા વર્ષથી શરૂ કરવામા આવ્યુ ? અને યોજનાનો હેતુ શું છે? તથા લાભાર્થીઓને શુ લાભ થાય છે? અને તેના શા સકારાત્મક પરિણામ જોવા મળેલ છે?**

**જવાબ:**

- સંકલિત ડેરી વિકાસ યોજના યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી શરૂ કરવામાં આવ્યું
- યોજનાનો હેતુ આદિજાતિ પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ મહ્ત્વની કડીરૂપ મહિલાઓને રોજગારી આપી તેમને પગભર કરવાનો છે, તેમજ આદિજાતિ વિસ્તારમાં પશુપાલન વ્યવસાયનો વિકાસ કરવો, નબળા પશુઓની જગ્યાએ જાતવાન પશુઓનો વ્યાપ વધારવો, પશુપાલન વ્યવસાય માટે જરૂરી મૂળભૂત માળખુ ઉભુ કરી આદિજાતિ પરીવારની આવકમાં વધારો કરી તેઓના પરીવારનું જીવન ધોરણ ઉચું લાવવું તે આ યોજનાનો મુખ્ય હેતુ છે.
- આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓને સારા જાતવાન દુધાળા પશુ થકી દૂધ ઉત્પાદનમાં વધારો થાય છે અને પરીણામે આવકમાં વધારો થતા લાભાર્થીનું જીવન ધોરણ ઉચું આવે છે.
- **યોજનાના સકારાત્મક પરિણામો:**

- તાજેતરમાં **ઇન્સ્ટીટયુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઈરમા)** દ્વારા સંકલિત ડેરી વિકાસ યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવામાં આવેલ જેના તારણો પરથી જાણવા મળેલ છે કે સદરહુ **યોજનાથી લાભાર્થીઓને નીચે મુજબના ફાયદા** થયેલ છે.
- લાભાર્થીઓને દુધાળા પશુની સાર-સંભાળ અને પશુપાલન વ્યવસાયને લગતી **તાલીમ મળવાને કારણે દૂધ ઉત્પાદનનું પ્રમાણ વધ્યું** છે તથા લાભાર્થીઓ **વધુ સારી રીતે દુધાળા પશુની માવજત કરતા થયા** છે.
- આદિજાતિ **મહિલાઓની આવક વધવાને કારણે તેઓનો સમાજિક અને આર્થિક દરજ્જો ઉપર આવ્યો** છે, આદિજાતિ મહિલાઓને આર્થિક મદદ માટે પુરુષો ઉપર નિર્ભર રહેવું પડતું નથી તથા **આવક વૃદ્ધિના પરિણામ સ્વરૂપે તેઓના પોષણનું સ્તર પણ ઉંચુ આવ્યું** છે.
- આ યોજના અંતર્ગત લોનની ભરપાઈ કરતા **બચત રહેલ રકમમાંથી લાભાર્થીઓ તેઓના બાળકના શિક્ષણ, નવા પશુની ખરીદી, ઘરનું સમારકામ તેમજ નાના ધંધાઓ માટે બચતની રકમનો ઉપયોગ** કર્યાનું માલુમ પડેલ છે. જે લાભાથીઓનું જીવન ધોરણ ઉચું આવ્યું હોવાનું દર્શાવે છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી રાજેન્દ્ર રાઠવા (છોટા ઉદેપુર)**

**પ્રશ્ન :૨ સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ નાણાકિય જોગવાઈ કેવી રીતે કરવામાં આવે છે? તથા આ યોજના હેઠળ આજ દીન સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે? અને આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે?**

જવાબ:

- સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ (આદિજાતિ વિકાસ વિભાગની વીકેવાય-૧૯ યોજના અંતર્ગત) રાજ્ય સરકાર દ્વારા પણ ચાલુ બાબત તરીકે દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.
- આ ઉપરાંત ભારત સરકારશ્રી દ્વારા આ યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, આ યોજના હેઠળ **આજ દીન સુધીમાં કુલ રૂ. ૪૧૯ કરોડ ૧૭ લાખના ખર્ચે કુલ ૧ લાખ ૬૫ હજાર ૫૦૨ થી વધુ આદિજાતિ મહિલા પશુ પાલકોને લાભ** આપવામાં આવ્યો છે.
- આ યોજના હેઠળ આદિજાતિ મહિલા પશુ પાલક લાભાર્થીને વર્ષ ૨૦૨૧-૨૨ સુધી દુધાળા પશુ ખરીદી સહાય, અને અન્ય સાધન સહાય અંતર્ગત પશુ વીમો, પશુ ટ્રાન્સપોર્ટેશન, પશુ આહાર, પશુ સારવાર અને સબંધિત દૂધ ઉત્પાદક સંઘ દ્વારા પશુ પાલનની તાલીમ માટે **લાભાર્થી દીઠ રૂ.૫૪,૪૦૦** આપવામાં આવે છે. જે પૈકી રૂ.૩૨,૪૦૦

સબસીડી અને રૂ.૨૦,૦૦૦ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા લોન આપવામાં આવેલ. તેમજ લાભાર્થી ફાળો રૂ.૨,૦૦૦ છે.

- વર્ષ ૨૦૨૨-૨૦૨૩ થી લાભાર્થીને દુધાળા પશુ ખરીદી સહાય માં **લાભાર્થી દીઠ યુનિટ કોસ્ટમાં વધારો કરી રકમ રૂ.૭૦,૦૦૦ કરવામાં** આવેલ છે જે પૈકી રૂ. ૪૫,૦૦૦ સબસીડી અને રૂ.૨૨,૫૦૦ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા લોન આપવામાં આવેલ છે, **તેમજ લાભાર્થી ફાળો રૂ.૨,૫૦૦** કરવામાં આવેલ છે.

**Back To Index**

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શૈલેષ મહેતા (ડભોઇ)**

**પ્રશ્ન : ૩ સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા શું છે? તથા લાભાર્થી પસંદગી પ્રક્રિયા વધુ પારદર્શી બને તે માટે ક્યા પગલા લેવામાં આવેલ છે?**

જવાબ:

- આ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા લાભાર્થી **આદિજાતિ મહિલા પશુ પાલક ૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધારક** તથા લાભાર્થી પસંદગી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને અને લાભાર્થીને સમયસર યોજનાનો લાભ મળે તે હેતુથી ડી-સેગ દ્વારા ઓનલાઈન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે.
- ઓનલાઈન પોર્ટલ કાર્યાન્વિંત થવાથી આદિજાતિ મહિલા પશુ પાલકોએ આ યોજના હેઠળ લાભ મેળવવા કચેરી સુધી જવાની ફરજ પડતી નથી. **અરજી કરવાથી લઈ લાભ મંજુર થવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે.**
- **આદિજાતિ મહિલા પશુપાલક અરજદારશ્રીઓના બી.પી.એલ. સ્કોર મુજબ પસંદગી કરવામાં આવે છે. એટલે કે ઓછા બી.પી.એલ. સ્કોરના લાભાર્થીને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવે છે.**

**Back To Index**

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ)**

**પ્રશ્ન : ૪ સંકલિત ડેરી વિકાસ યોજનાની અમલવારી તથા યોજનાનું મોનિટરીંગ અને સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે? અને સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આપવામાં આવતા દુધાળા પશુઓની ચકાસણી કરવામાં આવે છે કે કેમ? જો હા તો કોના દ્વારા ચકાસણી કરવામાં આવે છે.**

જવાબ:

- સંકલિત ડેરી વિકાસ યોજનાની અમલવારી ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં કાર્યરત દૂધ ઉત્પાદક સંઘો જેવા કે બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, પંચમહાલ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, બરોડા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, સુરત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, ભરૂચ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સબંધિત જીલ્લાની સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના કચેરીના સંયોજનથી અમલ કરવામાં આવે છે.
- આ યોજનાનું સુપરવિઝન અને મોનિટરીંગ રાજ્યકક્ષાએ ડી-સેગ દ્વારા તથા જીલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે.
- આ યોજના હેઠળ લાભાર્થીઓ દ્વારા ખરીદ કરવામાં આવતા દુધાળા પશુઓની ચકાસણી જીલ્લા સબંધિત દૂધ ઉત્પાદક સંઘ દ્વારા કરી પશુઓનું ટેગીંગ કરવામાં આવે છે.

Back To Index

**પ્રશ્ન–૫ સંકલિત ડેરી વિકાસ યોજના અંર્તગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભ આપેલ લાભાર્થીની સંખ્યા કેટલી છે ?**

**જવાબ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩-૨૪* | | | વર્ષ ૨૦૨૨-૨૩ | | | વર્ષ ૨૦૨૧-૨૨ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભૌતિક લક્ષ્યાંક | મળેલ અરજી | લાભાર્થીની સંખ્યા | ભૌતિક લક્ષ્યાંક | મળેલ અરજી | લાભાર્થીની સંખ્યા | ભૌતિક લક્ષ્યાંક | મળેલ અરજી | લાભાર્થીની સંખ્યા |
| ૧ | છોટાઉદેપુર | ૨૦૧ | ૧૮૪ | ૨૨ | ૪૧૨ | ૧૧૩૩ | ૪૧૨ | ૪૦૭ | ૫૧૨ | ૪૦૭ |
| ૨ | ક્વાંટ | ૧૮૫ | ૧૫૬ | ૫ | ૧૧૨ | ૫૪૨ | ૧૧૨ | ૮૩ | ૧૧૨ | ૮૩ |
| ૩ | પાવીજેતપુર | ૧૩૮ | ૧૩૧ | ૧૧ | ૨૨૭ | ૧૧૦૧ | ૨૨૭ | ૧૫૯ | ૧૬૪ | ૧૫૯ |
| ૪ | નસવાડી | ૧૨૮ | ૧૭૩ | ૪ | ૧૧૨ | ૪૭૯ | ૧૧૨ | ૫૭ | ૧૨૧ | ૯૧ |
| ૫ | બોડેલી | ૮૫ | ૯૧ | ૫ | ૬૫ | ૩૪૯ | ૬૫ | ૪૫ | ૪૫ | ૩૮ |
| ૬ | સંખેડા | ૪૧ | ૨૮ | ૨ | ૩૮ | ૮૦ | ૩૮ | ૨૭ | ૦ | ૦ |
| | કુલ | ૭૭૮ | ૭૬૩ | ૪૯ | ૯૬૬ | ૩૬૮૪ | ૯૬૬ | ૭૭૮ | ૯૫૪ | ૭૭૮ |

*વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ની ખરીદી પ્રકિયા હાલ પ્રગતિમાં છે.

Back To Index

# અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્ન– સંકલિત ડેરી યોજના અંતર્ગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ક્યાં પ્રકાર/બ્રીડના દુધાળા પશુઓનું વિતરણ કરવામાં આવેલ છે? તાલુકાવાર લાભાર્થીની સંખ્યા કેટલી છે ?**

**જવાબ:**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા | વિતરણ કરેલ પશુનો પ્રકાર/ બ્રીડ | | | | | | | | | | |
| | | | ગાય | | | | | ભેસ | | | | | |
| | | | એચ.એફ | ગીર | કાંકરેજી | જર્સી | અન્ય | જાફરાબાદી | મહેસાણી | સુરતી | મોરો | બની | અન્ય |
| ૧ | છોટાઉદેપુર | ૮૪૧ | ૧૦૬ | ૧ | ૦ | ૨૨ | ૦ | ૭ | ૬૦૩ | ૩૫ | ૩૫ | ૩૨ | ૦ |
| ૨ | ક્વાંટ | ૨૦૦ | ૨૯ | ૧ | ૦ | ૫ | ૦ | ૨ | ૧૦૬ | ૨૧ | ૨૦ | ૧૬ | ૦ |
| ૩ | પાવીજેતપુર | ૩૯૭ | ૮૪ | ૦ | ૧૨ | ૧૫ | ૦ | ૪ | ૨૧૨ | ૪૭ | ૬ | ૧૭ | ૦ |
| ૪ | નસવાડી | ૨૦૭ | ૪૯ | ૩ | ૦ | ૮ | ૦ | ૨ | ૧૧૭ | ૧૬ | ૯ | ૩ | ૦ |
| ૫ | બોડેલી | ૧૦૮ | ૫૮ | ૦ | ૧૨ | ૨ | ૦ | ૦ | ૨૭ | ૫ | ૪ | ૦ | ૦ |
| ૬ | સંખેડા | ૪૦ | ૧૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૨ | ૬ | ૭ | ૦ | ૦ |
| કુલ | | ૧૭૯૩ | ૩૩૯ | ૫ | ૨૫ | ૫૩ | ૦ | ૧૫ | ૧૦૭૭ | ૧૩૦ | ૮૧ | ૬૮ | ૦ |

- *એચ.એફનું પુરુ નામ હોલ્સ્ટેઇન ફ્રીઝિયન

Back To Index

**પ્રશ્ન– સંકલિત ડેરી વિકાસ યોજના અંર્તગત છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષનો લક્ષ્યાંક તથા લાભાર્થીની વિગતો શી છે?**

**જવાબ:**

| ક્રમ | વર્ષ | લક્ષ્યાંક | સિદ્ધીઓ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૩-૨૪ | ૭૭૯ | ૧૩* |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૧૧૭૨ | ૯૯૧* |
| ૩ | ૨૦૨૧-૨૨ | ૭૭૮ | ૭૭૮ |
| કુલ | | ૨૭૨૯ | ૧૭૮૨ |

*વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ની ખરીદી પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે.

Back To Index

**પ્રશ્ન– સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સરકારશ્રી અને ભારત સરકારશ્રી તરફથી કેટેલી ગ્રાન્ટ મળેલ છે? અને કેટલો ખર્ચ થયેલ છે?**

**જવાબ: સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને ભારત સરકાર તરફથી નીચે મુજબની ગ્રાન્ટ મળેલ છે.**

| ક્રમ | વર્ષ | ગુજરાત સરકારશ્રીની ગ્રાન્ટ | ભારત સરકારશ્રીની ગ્રાન્ટ | કુલ ગ્રાન્ટ | થયેલ કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૭ કરોડ ૩૩ લાખ | ૨૦ કરોડ ૦૯ લાખ | ૩૭ કરોડ ૪૨ લાખ | ૩૭ કરોડ ૪૨ લાખ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૩ કરોડ ૪૫ કરોડ | ૪ કરોડ ૦૦ લાખ | ૭ કરોડ ૪૫ લાખ | ૭ કરોડ ૪૫ લાખ |
| ૩ | ૨૦૨૦–૨૧ | ૫ કરોડ ૩૪ લાખ | ૦૬ કરોડ ૨૦ લાખ | ૧૧ કરોડ ૫૪ લાખ | ૧૧ કરોડ ૫૪ લાખ |
| ૪ | ૨૦૨૧–૨૨ | ૧૧ કરોડ ૨૫ લાખ | ૧૩ કરોડ ૦૫ લાખ | ૨૪ કરોડ ૩૦ લાખ | ૨૪ કરોડ ૩૦ લાખ |
| ૫ | ૨૦૨૨–૨૩ | ૨૭ કરોડ ૫૦ લાખ | ૨૧ કરોડ ૭૫ લાખ | ૪૯ કરોડ ૨૫ લાખ | ૪૯ કરોડ ૨૫ લાખ |
| કુલ | | ૬૪ કરોડ ૮૭ લાખ | ૬૫ કરોડ ૦૯ લાખ | ૧૨૯ કરોડ ૯૬ લાખ | રૂ.૧૫૬.૮૯ કરોડ |

**સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૬૪ કરોડ ૮૭ લાખ અને કેન્દ્ર દ્વારા રૂ.૬૫ કરોડ ૦૯ લાખ એમ કુલ રૂ.૧૨૯ કરોડ ૯૬ લાખની ગ્રાન્ટ મળેલ છે.**

**નોંધ: સને ૨૦૨૩–૨૪માં રાજ્ય સરકારની રૂપિયા ૩૩ કરોડ ૭૫ લાખની ગ્રાન્ટ સામે તા.૨૭/૦૨/૨૦૨૪ અંતિત રૂપિયા ૨૬ કરોડ ૯૩ લાખનો ખર્ચ થયેલ છે.**

Back To Index

**પ્રશ્ન–** સંકલિત ડેરી વિકાસ યોજનાની વર્ષ ૨૦૨૩–૨૦૨૪ માં યોજનાની યુનિટ કોસ્ટ શુ છે?

**જવાબ:** વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં સંકલિત ડેરી વિકાસ યોજનામાં નીચે મુજબનો યુનિટ કોસ્ટ નિયત થયેલ છે.

| ક્રમ | કોમ્પોનન્ટ | યુનિટ દીઠ કિંમત | લોન | ભારત સરકારની સબસીડી | રાજ્ય સરકારની સહાય | લાભાર્થી ફાળો |
|---|---|---|---|---|---|---|
| ૧ | દુધાળા પશુ | ૫૯ હજાર ૮૦૦ | ૨૨ હજાર ૫૦૦ | ૧૪ હજાર ૯૦૦ | ૧૯ હજાર ૯૦૦ | ૨ હજાર ૫૦૦ |
| ૨ | પશુ વિમો | ૩ હજાર | | ૩ હજાર | | |
| ૩ | પશુ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ | ૧ હજાર | | ૧ હજાર | | |
| ૪ | વાસણની કિટ | ૦ | | ૦ | | |
| ૫ | પશુ ખાણદાણ | ૨ હજાર | | ૨ હજાર | | |
| ૬ | પશુ સારવાર | ૧ હજાર ૨૦૦ | | ૧ હજાર ૨૦૦ | | |
| ૭ | તાલીમ | ૪૦૦ | | ૪૦૦ | | |
| ૮ | વહીવટી ખર્ચ | | | | ૨ હજાર ૬૦૦ | |
| | કુલ કિંમત | | ૨૨ હજાર ૫૦૦ | ૨૨ હજાર ૫૦૦ | ૨૨ હજાર ૫૦૦ | ૨ હજાર ૫૦૦ |
| | કુલ યુનિટ કોસ્ટ | ૬૭ હજાર ૪૦૦ + ૨ હજાર ૬૦૦ = ૭૦ હજાર | | | | |

Back To Index

**પ્રશ્ન–** સંકલિત ડેરી વિકાસ યોજના અંર્તગત છોટાઉદેપુર જીલ્લામાં ક્યા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા દુધાળા પશુઓનું વિતરણ કરવામાં આવે છે ?

**જવાબ:**

- **છોટાઉદેપુર જીલ્લાના** આદિજાતિ વિસ્તારમાં વસવાટ કરતી આદિજાતિ પશુ પાલક મહિલાઓને બરોડા દૂધ ઉત્પાદક સંઘ (બરોડા ડેરી) દ્વારા દુધાળા પશુઓનું વિતરણ કરવામાં આવે છે.

Back To Index

પ્રશ્ન– સંકલિત ડેરી વિકાસ યોજનામાં હાલ યુનિટ દીઠ કેટલી પશુ સહાય આપવમાં આવે છે? તેમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવેલ તથા હવે પછી યુનિટ કોસ્ટમાં વધારો કરવાની વિચારણા છે કે કેમ? જો હા તો કેટલો વધારો કરવાનું આયોજન છે?

- સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ સુધી પશુ દીઠ પ્રતિ યુનિટ રૂપિયા ૪૫ હજાર યુનિટ કોસ્ટ હતી.
- વર્ષ ૨૦૧૪-૧૫માં આ યુનિટ કોસ્ટ વધારી રૂપિયા ૫૪ હજાર કરવામાં આવી જેમાં પ્રતિ યુનિટ સરકારશ્રી દ્વારા રૂપિયા ૩૨ હજાર ૪૦૦ સબસીડી આપવામાં આવતી હતી.
- પુનઃ વર્ષ ૨૦૨૨-૨૩માં પશુ દીઠ યુનિટ કોસ્ટ વધારી રૂપિયા ૭૦ હજાર કરવામાં આવી, જેમાં પ્રતિ પશુ રૂપિયા ૪૪ હજાર સબસીડી આપવામાં આવતી હતી.
- **આગામી વર્ષ ૨૦૨૪-૨૫ થી પુનઃ પશુ દીઠ યુનિટ કોસ્ટમાં વધારો કરી રૂપિયા ૯૦ હજાર કરવાનું આયોજન છે. જેમાં પ્રતિ પશુ રૂપિયા ૫૮ હજાર સબસીડી આપવામાં આવશે.**
- યુનિટ કોસ્ટ રૂપિયા ૯૦ હજાર થવાથી આદિજાતિ મહીલા પશુપાલકો વધુ સારી ઓલાદના પશુઓ ખરીદી શકશે તથા તેઓના પરીવારની આવકમાં વધારો થશે જે થકી તેઓનું જીવન ધોરણ ઉચું આવશે.

• સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ વર્ષ વાર કમ્પોનન્ટ વાઇઝ યુનિટ કોસ્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કમ્પોનન્ટ | વર્ષ ૨૦૧૪-૧૫ની યુનિટ દીઠ કિંમત | વર્ષ ૨૦૨૨-૨૩ની યુનિટ દીઠ કિંમત | વર્ષ ૨૦૨૪-૨૫ માટેની યુનિટ દીઠ કિંમત (સુચિત) |
|---|---|---|---|---|
| ૧ | દુધાળા પશુ (લાભાર્થી ફાળા સાથે) | ૪૪ હજાર ૪૦૦ | ૫૯ હજાર ૮૦૦ | ૭૯ હજાર ૫૦૦ |
| ૨ | પશુ વિમો | ૨ હજાર | ૩ હજાર | ૩ હજાર |
| ૩ | પશુ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ | ૧ હજાર | ૧ હજાર | ૧ હજાર |
| ૪ | વાસણની કિટ | ૧ હજાર | ૦ | ૦ |
| ૫ | પશુ ખાણદાણ- | ૧ હજાર ૮૦૦ | ૨ હજાર | ૨ હજાર |
| ૬ | પશુ સારવાર | ૧ હજાર ૨૦૦ | ૧ હજાર ૨૦૦ | ૧ હજાર ૨૦૦ |
| ૭ | તાલીમ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ |
| ૮ | વહીવટી ખર્ચ | ૨ હજાર ૬૦૦ | ૨ હજાર ૬૦૦ | ૨ હજાર ૯૦૦ |
| કુલ કિંમત | | ૫૪ હજાર ૪૦૦ | ૭૦ હજાર | ૯૦ હજાર |

Back To Index

પ્રશ્ન- વર્ષ ૨૦૦૧માં આદિજાતિ વિસ્તારમાં કાર્યરત દૂધ ઉત્પાદક સંઘવાર કેટલા પશુપાલક સભાસદ હતા? અને હાલની સ્થિતિએ(વર્ષ-૨૦૨૩)માં કેટલા પશુપાલક સભાસદ છે?

જવાબ

| ક્રમ | જીલ્લાનું નામ | જીલ્લા દૂધ ઉત્પાદક સંઘનું નામ | વર્ષ ૨૦૦૧ની સ્થિતિએ પશુપાલક સભાસદની સંખ્યા | વર્ષ ૨૦૨૩ની સ્થિતિએ પશુપાલક સભાસદની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | બનાસ ડેરી | ૧૫ હજાર ૨૦૦ | ૩ લાખ ૬૭ હજાર ૪૭૧ |
| ૨ | સાબરકાંઠા | સાબર ડેરી | ૨૪ હજાર ૯૦૦ | ૩ લાખ ૮૫ હજાર ૨૦૪ |
| ૩ | અરવલ્લી | | | |
| ૪ | મહિસાગર | પંચામૃત ડેરી | ૧૮ હજાર | ૨ લાખ ૬૮ હજાર |
| ૫ | પંચમહાલ | | | |
| ૬ | દાહોદ | | | |
| ૭ | છોટાઉદેપુર | બરોડા ડેરી | ૧૭ હજાર ૭૦૦ | ૨ લાખ ૨૭ હજાર |
| ૮ | ભરુચ | દૂધધારા ડેરી | ૩ હજાર ૨૦૦ | ૬૬ હજાર ૩૭૬ |
| ૯ | નર્મદા | | | |
| ૧૦ | સુરત | સુમુલ ડેરી | ૨૦ હજાર ૯૦૦ | ૨ લાખ ૫૧ હજાર ૨ |
| ૧૧ | તાપી | | | |
| ૧૨ | વલસાડ | વસુધારા ડેરી | ૯ હજાર ૨૦૦ | ૧ લાખ ૨૨ હજાર ૧૫૧ |
| ૧૩ | નવસારી | | | |
| ૧૪ | ડાંગ | | | |
| કુલ | | | ૧ લાખ ૯ હજાર ૧૦૦ | ૧૬ લાખ ૮૭ હજાર ૨૦૪ |

Back To Index

પ્રશ્ન– આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની અન્ય કઈ–કઈ યોજનામાં દુધાળા પશુ આપવામાં આવે છે?

જવાબ:

1. મુખ્ય મંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના
2. મુખ્ય મંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના
3. મુખ્ય મંત્રી હળપતિ સર્વાંગી વિકાસ યોજના
4. મુખ્ય મંત્રી આદિમ જૂથ સર્વાંગી વિકાસ યોજના

**Back To Index**

# પૂરક નોંધ-છોટાઉદેપુર

## સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ

સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ આદિજાતિ કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાનાં હેતુ થી અમલ કરવામાં આવ્યો છે. જેમાં પશુપાલનનાં વ્યવસાયમાં જોડાયેલ મહત્વની કડીરૂપ મહિલાઓને લક્ષ્યમાં લઈ તેનો વિકાસ કરવો તથા પરિયોજનામાં ભાગીદાર કુટુંબોની આવક વધે તે માટે પશુપાલન પૂર્ણકાલિન રોજગારી રૂપે વિક્સાવવાની યોજના છે. આ યોજના અંતર્ગત લાભાર્થી આદિજાતિ કુટુંબને બે દૂધાળા પશુ આપવામાં આવે છે, અને અન્ય સાધન સહાય અંતર્ગત કેટલ શેડ, કેટલ ટ્રાન્સપોર્ટેશન, પશુ સારવાર, તથા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત હાલમાં ગુજરાતનાં ૧૪ આદિજાતિ જિલ્લાઓ સાબરકાંઠા, બનાસકાંઠા, મહિસાગર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, સુરત, તાપી, નવસારી, ભરૂચ, દાહોદ, વલસાડ, અને નર્મદાનાં **આદિજાતિ વિસ્તારોના ૫૩ તાલુકાઓ તેમજ ક્લસ્ટર અને પોકેટ એરિયામાં ચાલી રહેલ છે**. જેમાં અત્યાર સુધી ૧ લાખ ૬૨ હજાર ૫૦૭ થી વધુ પશુઓ આદિજાતિ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું છે.

- આ યોજના અંતર્ગત લાભાર્થીઓને પશુની સાથે પશુ વિમો, પશુ ટ્રાન્સપોર્ટેશન, પશુ ખાણ દાણ, પશુ સારવાર, તાલીમ, વગેરે આપવામાં આવે છે.
- લાભાર્થી દીઠ સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૫૪,૪૦૦/- યુનિટ કોસ્ટ મુજબ લાભ આપવામાં આવતો હતો જેને વર્ષ ૨૦૨૨-૨૩માં વધારીને રૂ. ૭૦ હજાર કરવામાં આવેલ હતા. **જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધારીને રૂ.૯૦,૦૦૦/- હજાર કરવામાં આવેલ છે.**

### યોજનાની રૂપરેખાઃ

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત છોટાઉદેપુર જીલ્લાના આદિજાતિ વસ્તી ધરાવતા ક્વાંટ, પાવી જેતપુર, નસવાડી, છોટાઉદેપુર, બોડેલી અને સંખેડા તાલુકામાં સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આદિજાતિના બી.પી.એલ. લાભાર્થીઓને આવરી લઇ પશુપાલન અને ડેરી ઉધોગથી લાભાર્થીઓ કાયમી આવક મેળવતા થાય તથા રોજગારી માટે સ્થાળાંતર કરતા અટકાવી શકાય. તે હેતુસર આ યોજનાનો અમલ બરોડા ડેરી ધ્વારા સને ૨૦૦૭-૦૮ થી શરુ કરવામાં આવેલ છે.

### યોજનાનો અમલઃ-

અત્રેના જીલ્લામાં ડેરી યોજના અંગેની કામગીરી બરોડા ડેરી ધ્વારા કરવામાં આવે છે. સદર યોજનાના લીધે લાભાર્થીઓને રોજનું દુધ ઉત્પાદનના વેચાણ તેમજ યોજનામાં મંજુર થયેલ સહાય મુજબ ખાણદાણ તેમજ પશુ સારવારની બધી જ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. આ યોજના થકી આદિજાતિ લાભાર્થીઓને સરેરાશ આવકમાં માસિક રૂપિયા ૫ હજારથી રૂપિયા ૭ હજારનો વધારો થાય છે.

Back To Index